# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-12-2025** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GHAU SANGRAHKHORI

કેન્દ્ર સરકાર દ્વારા બજારમાં વાજબી ભાવે અને સરળતાથી ઘઉં મળી રહે તથા સંગ્રહખોરી અટકે તે માટે આગામી 31 માર્ચ 2026 સુધી સ્ટોક એટલે કે જથ્થાની મર્યાદા અમલી બનાવવામાં આવી છે.

ઘઉંના સંગ્રહ કરવામાં સુધારો કરી ઘઉંની સંગ્રહખોરી અટકે અને બજારમાં ઘઉં સરળતાથી અને વાજબી કિંમતે ગ્રાહકોને મળે તે હેતુસર ઘઉંના વેપાર સાથે સંકળાયેલા વેપારી સંગઠન, જથ્થાબંધ અને છૂટક વેપારીઓ, બીગ ચેન રિટેઈલર્સ અને પ્રૉસેસર્સ પર જથ્થા મર્યાદા દાખલ કરવામાં આવી છે. તેમાં વેપારી, છૂટક વેપારી માટે બે હજાર મૅટ્રિક ટન, છૂટક વેપારી અને મોટા વેપારીઓ માટે આઠ-આઠ મૅટ્રિક ટન તેમજ પ્રૉસેસર માટે 60 ટકા ક્ષમતા મુજબ મર્યાદા નક્કી કરવામાં આવી છે તેમ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . . .

# GANDHINAGAR CYBER ACCUSED

18 કરોડ રૂપિયાની સાયબર છેતરપિંડી કરનાર ટુકડીનો વધુ એક આરોપી ઝડપાયો છે. ટેલિકોમ કર્મચારી તરીકે ખોટી ઓળખ આપીને છેતરપિંડી કરનાર આ આરોપીની ગાંધીનગર સાયબર ગુના શાખાએ અમદાવાદથી ધરપકડ કરી છે. આ આરોપીએ ત્રણ કરોડ 15 લાખ રૂપિયાથી વધુ રકમ મુંબઇ ખાતેના બેંક ખાતામાં જમા કરાવ્યાનું સામે

આવ્યું છે. આરોપીઓ ટેલિકોમ કર્મચારી તથા પોલીસ અધિકારી તરીકે ખોટી ઓળખ આપી, વોટસએપ વિડીયો કોલ મારફતે ડીઝીટલ અરેસ્ટ કરીને રૂપિયા પડાવી ગુનાહિત પ્રવૃતિ કરતાં હતા.

. . . . . . . . . . . . .

# TRAGEDY IN STATE

રાજ્યમાં આજે કેટલાક જિલ્લામાં અલગ અલગ દુર્ઘટના સર્જાઈ છે. કચ્છમાં રાપરના ત્રંબો માર્ગ પર એકસાથે ત્રણ વાહન અથડાતા અકસ્માત સર્જાયો. દુર્ઘટના બાદ 10થી વધુ ઈજાગ્રસ્તોને 108 એમ્બુલેન્સ મારફતે સરકારી હૉસ્પિટલ ખસેડાયા છે. અમારા પ્રતિનિધિ હેમાન્ગ પટ્ટણી જણાવે છે કે, આજે પરોઢે સર્જાયેલા આ અકસ્માત અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

તો, ભરૂચની ઝઘઢિયા ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ – G.I.D.C.માં એક ટ્રક પલટી જતા 30થી વધુ શ્રમિક ઈજાગ્રસ્ત થયા હતા. જ્યારે ત્રણ જેટલા શ્રમિકની હાલત ગંભીર હોવાનું જણાયું છે. ખાનગી કંપની પાસેના વળાંક પાસે ટ્રકચાલકે કાબૂ ગુમાવતા સર્જાયેલા આ અકસ્માત અંગે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

બીજી તરફ, મહીસાગરના ખાનપુર તાલુકામાં પાકના રક્ષણ માટે ખેતરમાં ગયેલા એક યુવકને કરન્ટ લાગતા તેનું મોત નીપજ્યું છે. અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે, જંગલી પશુઓથી પાકના રક્ષણ માટે

ખેતરમાં ઇલેક્ટ્રિક તાર લગાવનારા ખેડૂત અને અન્ય એક વ્યક્તિ સામે બેદરકારી બદલ બાકોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

. . . . . . . . . . . . . .

# GNR TREE PLANTATION

સેન્ટ્રલ બેન્ક ઑફ ઇન્ડિયા-એ તેના 115-મા સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે 'માતાના નામે એક વૃક્ષ' પહેલ હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજ્યો. કૅબિનેટ મંત્રી પ્રદ્યુમન વાજા, રાજ્યમંત્રી રિવાબા જાડેજા, બેન્કના અધિકારીઓ, સ્થાનિક સમુદાયે આ કાર્યક્રમમાં ભાગ લીધો. દરમિયાન 115 જેટલા છોડ રોપવામાં આવ્યા હતા. આ અંગે શ્રી વાજાએ વધુ માહિતી આપી.

(BYTE: DR. PRADYUMAN VAJA, EDUCATION MINISTER)

. . . . . . . . . . . . . .

# GREEN SCHOOL AWARD

‘ગ્રીન યોર સ્કૂલ પોગ્રામ’ હેઠળ ગાંધીનગરની જીવરાજના મુવાડા પ્રાથમિક શાળાને રાષ્ટ્રીય કક્ષાનો ‘ગ્રીન સ્કૂલ પુરસ્કાર-2025 એનાયત કરાયો છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે અંદાજે 1200થી વધુ વૃક્ષ ધરાવતી આ શાળાને રાષ્ટ્રીય સ્તરે હરિત શાળા અંગેના 11 નવા વિચારો

અને પ્રોજેક્ટના અમલીકરણ માટે ત્રણ લાખ રૂપિયાનું પ્રોત્સાહન ઇનામ પણ અપાયું છે. દેશભરની 720 શાળાઓમાંથી ગુજરાતની આ સરકારી પ્રાથમિક શાળા પ્રથમ ક્રમે આવી છે. મુંબઈ ખાતે યોજાયેલા ‘ઇન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કોંગ્રેસ’માં શાળાને આ વિશેષ પુરસ્કાર અપાયો હતો.

. . . . . . . . . . . . .

# DIU GRAM SABHA

કેન્દ્રશાસિત પ્રદેશ દીવની મહારાણા પ્રતાપ ગ્રામ પંચાયત દ્વારા સબકી યોજના સબકા સાથ GPDP 2026-27 અંતર્ગત ગ્રામસભા યોજાઈ. વણાકબારા બંદર વિસ્તારમાં મહારાણા પ્રતાપ ગ્રામ પંચાયતના પરિસરમાં યોજાયેલી ગ્રામસભામાં લોકોએ પોતાના પ્રશ્ન રજૂ કર્યા. ઉપરાંત ગ્રામ પંચાયતની વર્ષ દરમિયાન આવક-જાવક, પંચાયતના આગામી આયોજન જેવી વિગત ગ્રામજનોને અપાઈ. આ અંગે ગ્રામજન કીર્તિ ગોહિલે પ્રતિક્રિયા આપી.

(BYTE: KIRTI GOHIL, LOCAL PERSON)

. . . . . . . . . . . . .

# MEHSANA DIGITAL YUG

મહેસાણામાં દર શનિવારે વિદ્યાર્થીઓ પોતાની પસંદની પુસ્તકનું 45 મિનિટ સુધી વાંચન કરશે. વિદ્યાર્થીઓને પુસ્તકાલય તરફ વાળવા જિલ્લા શિક્ષણ વિભાગે રાજ્યમાં સૌપ્રથમ વાંચનથી વિકાસ કાર્યક્રમની નવતર એક પહેલ કરી છે. તે અંતર્ગત શાળામાં દર શનિવારે વિદ્યાર્થીઓ માટે પુસ્તક પ્રદર્શન, પુસ્તક વાંચન ગોષ્ઠી, વાર્તાલાપ, ગ્રામ ગ્રંથાલયની મુલાકાત, શ્રેષ્ઠ વાચકની પસંદગી, વાચકનું વક્તવ્ય, નિબંધ સ્પર્ધા વગેરેનું આયોજન શાળામાં કરાશે. અગાઉ જિલ્લાની ૧૪૦ જેટલી પ્રાથમિક શાળામાં એક-થી આઠમા ધોરણના વિદ્યાર્થીઓ માટે માટે બાળવાર્તા સ્પર્ધા પણ યોજાઈ.

. . . . . . . . . . . . . .